"નમો નમઃ શ્રી ગુરુ નેમિસૂરયે
Jainuniversity.org અને મા સરસ્વતી ભક્તિ ગ્રુપ આયોજીત
સરસ્વતી સમ્યક જ્ઞાન પ્રતિભા શોધ અભિયાન
પ્રેરણા તથા આશીર્વાદ દાતા : જિન શાસન શણગાર પરમ પૂજ્ય
આચાર્ય ભગવંત શ્રી વિજય ચંદ્રોદયસૂરીશ્વરજી મ. સા.ના શિષ્યરત્ન સરસ્વતી સાધક
પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી કુલચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ
સચોટ સવાલના સચોટ જવાબો - અંતર્ગત જ્ઞાન પ્રતિભા ધારક વિજેતાનો જવાબ
અને અન્ય સ્પર્ધકોના જવાબ"

## સવાલ નંબર 6

👉 સવાલ નંબર-6 સવાલની પૂર્વભૂમિકા: જીવનમાં સૌથી વધારે કંઈ પણ કિંમતી હોય તો સદબુદ્ધિ કહેતા સન્મતિ છે અને સદ્ગુણ અને સદાચાર હોય તો જીવનમાં બધું જ છે. તો... સદબુદ્ધિ, સદ્ગુણ અને સદાચાર એ ત્રણેયની સચોટ વ્યાખ્યા કોને કહેવાય?

👉 **प्रश्न नंबर-6: प्रश्न की पृष्ठभूमि: अगर जीवन में सबसे मूल्यवान कोई चीज है, तो वह हे सदबुध्धी, यानी कि सन्मति, और अगर सदगुण और सदाचार हे तो जीवन में सबकुछ हे, तो ... सदबुध्धी, सदगुण और सदाचार ये तीनों की सचोट व्याख्या क्या होगी?**

**WINNER - Q 6: ASHA DILIP MEHTA (62) JAMNAGAR,GUJARAT**

**WINNER'S ANSWER :**

**Asha Dilip Mehta (62) Jamnagar,Gujarat**

સદબુદ્ધિ : એટલે કે મનુષ્યના જીવનમાં સ્વાભાવિક બની ગયેલી ક્રિયાઓને યોગ્ય સંચાલન કરવાની જ્ઞાનરૂપી સમજ.
સદ્ગુણ: અનુભવવામાં આવેલી ખાતરી પૂર્વક ની બુદ્ધિ તે સદ્ગુણ. આવેગોનું તોફાન જાગે ત્યારે પ્રતીતિનું સુકાન હાથમાંથી સરી જાય છે તોફાનોનો સામનો કરી શકતા નથી પ્રતીતિ હોવા છતાં, માનસિક નિર્ભરતા ( અવગુણ) ને લીધે આપણે પડી ભાંગીએ..આમ પ્રતીતિનું સુકાન સંભાળવું એ જ સદ્ગુણ .
સદાચાર : પ્રતીતિ ને સફળ કરવાનો ઉપાય સંયમ છે . મનના આવેગોને કાબૂમાં લઇ સંયમિત બનાવવા જોઈએ. દરરોજ આચારમાં વણાઈ જવાથી તે ધીમે ધીમે કાબૂમાં આવે. જો સર્વદા સદાચારની સાધના ના હોય તો વિદ્વાનોને પણ વિષાદમાં ઝુરવાનું લલાટે લખાય જ જાય. સદાચાર માં જ વિદ્વત્તાની સફળતા છે ટૂંકમાં ....
✏️વિચારની યોગ્ય સમજણ એટલે સદબુદ્ધિ .
✏️વિચારો વિશે ની પ્રતીતિ પૂર્ણ ખાતરી એટલે સદ્ગુણ .
✏️વિચારોમાં જીવંત શ્રધ્ધા પૂર્ણ આચાર એટલે સદાચાર
👉 સદબુદ્ધિ ના દાતા દેવ છે.
👉 સદ્ગુણના દાતા ગુરુ છે.
👉 સદાચારના દાતા ધર્મ છે.
અને જૈન તત્વ ના આધારે:
સમ્યક જ્ઞાન એટલે સદબુદ્ધિ. સમ્યગ્દર્શન એટલે સદ્ગુણ.
સમ્યક્ ચારિત્ર એટલે સદાચાર.
દેવવીણ દર્શન નહિ ...
ગુરૂ વિણ નહીં જ્ઞાન ...
ધર્મ વિણ ચારિત્ર નહી સમજો ચતુર સુજાણ....
અંધકાર સમાન જગતમાં બીજો એક પણ શાપ નથી ...સોનાનો ડુંગર અને હીરાના ઢગલા વચ્ચે પણ આંખ વિનાનો માણસ કંઇ સુખ નથી પામતો તેમ સદબુદ્ધિ- સદ્ગુણ- સદાચાર વિનાનો માણસ જીવનમાં અનેક પાપો આચરી... આ ભાવ પરભવમાં અસહ્ય કષ્ટોને સહન કરે ....જય જિનેન્દ્ર.

# સવાલ નંબર 6

👉 સવાલ નંબર-6 સવાલની પૂર્વભૂમિકા: જીવનમાં સૌથી વધારે કંઈ પણ કિંમતી હોય તો સદબુદ્ધિ કહેતા સન્મતિ છે અને સદ્ગુણ અને સદાચાર હોય તો જીવનમાં બધું જ છે. તો… સદબુદ્ધિ, સદ્ગુણ અને સદાચાર એ ત્રણેયની સચોટ વ્યાખ્યા કોને કહેવાય?

**👉 प्रश्न नंबर-6: प्रश्न की पृष्ठभूमि: अगर जीवन में सबसे मूल्यवान कोई चीज है, तो वह हे सदबुध्धी, यानी कि सन्मति, और अगर सदगुण और सदाचार हे तो जीवन में सबकुछ हे, तो … सदबुध्धी, सदगुण और सदाचार ये तीनों की सचोट व्याख्या क्या होगी?**

**TOP-2-Chandresh Mehta (57) Malad Mumbai, Maharashtra**

૧. સદબુદ્ધિ:- તત્વ અને અતત્વનો વિચાર કરતા જે બુદ્ધિ આત્મા તરફ ઝૂકે, આંગણે આવેલા સાધનાના અવસરને ઓળખે, પાપથી ડરે, દૂર રહે તે સદબુદ્ધિ.

બુદ્ધિના આઠ ગુણો:-સુશ્રુષા, શ્રવણ, ગ્રહણ, ધારણ, ઉહા, અપોહ, અર્થવિજ્ઞાન, તત્વજ્ઞાન.

"મધ્યસ્થ સૌમ્ય દ્રષ્ટિ કે જે સત્યને અોળખી અને સમજી શકે તેવી બુદ્ધિવાળો સાચા ધર્મને પામી અને આચરી શકે છે."

૨. સદગુણો:- મોક્ષ માર્ગ તરફ આત્માનું અનુસરણ કરાવે તે માર્ગાનુસારી જીવન વિકાસ. માર્ગાનુસારી આત્મા એટલે સદગ્રહસ્થ, જે દુઃખી જીવો પર દયા, ગુણવાન આત્મા માટે તિરસ્કાર ભાવ ન હોય અને ઉચિત સેવવા માટે તત્પર હોય.

"સદગુણોના માપદંડ રૂપ ૩૫ ગુણો જીવનમાં વણી લેવા દ્વારા મોક્ષનું લક્ષ રાખી સાધુ બનો/સાચા શ્રાવક બનો, સમ્યગદૃષ્ટિ બનો."

૩. સદાચાર:- સારુવર્તન અથવા શિષ્ટાચાર."જેઓ જ્ઞાન વૃદ્ધ હોય અને ચારિત્ર સમૃદ્ધ હોય તે સદાચારી." લોકોના અપવાદથી ભય, દીન પુરુષોનો ઉદ્ધારમાં આદર, કરેલા ઉપકારને જાણવો અને શરમ રાખવી આ ચારને સદાચાર કહેલો છે.

સદાચારી માણસના આચાર કે વિચાર હોય તેને દરેકે જીવનમાં અમલ કરવો. નિંદા કે ગર્વ ન કરવો, નમ્ર રહેવુ, પ્રિયવાણી બોલવી, નિંદા લાયક કાર્ય ન કરવું, આળસ ન કરવી. વિગેરે ધણા આચારો છે.

"શિષ્ટોની અનુપમ સેવા કરીને જ્ઞાન અને ચારિત્રની પ્રાપ્તિ કરી હોય તેના આચારો ઉત્તમ જ હોય."

**TOP-3-Kanji Maheshwari (80) Gandhidham-Gujarat**

નમો નમઃ શ્રી ગુરુ નેમિસૂરયે નમઃ :

………………………………….

સવાલ નં.૬,… સદબુદ્ધિ, સદ્ગુણ,આને સદાચાર…એ ત્રણેયની સચોટ વ્યાખ્યા કોને કહેવાય ?

જવાબ,, સમ્યક્ ધ્યાન,દર્શન, ચારિત્ર્યાદિ ,રત્નત્રયી.

સારાંશ,, સદ્ વિચાર આવે સુસંસ્કારથી સદાચારી જીવન ચરિત્ર નિર્માણ થઇ શકે.

જીવન એક પ્રશિક્ષણ,, ટ્રેનિંગ છે .સદાચારી પ્રગતિ અને નિષ્પત્તિ થાયછે .ઉચ્ચ વિચારોમાંથી ઉચ્ચ આચરણનુ ઉત્પાદન થાય .ઉત્તમ વિચાર(સદ્બુદ્ધિ)વિના સદ્ગુણી જીવન સંભવિત નથી .

આગમ શાસ્ત્રીય વિચારણાં માં આત્માનો આધ્યાત્મિક વિકાસ ૧૪ગુણ સ્થાનકોમાં ક્રમિક દર્શાવ્યો છે .૪થા ગુણ સ્થાને સમ્યક્,દર્શન પ્રાપ્ત થાયછે .

સદ્બુદ્ધિ થી ધર્મમાં શ્રદ્ધા દ્રઢ થાય,આને સંસારના સુખ પ્રત્યે અરુચિ જાગે છે .

અહિંસા સત્યાદિ ગુણોનો અખૂટ ભંડાર ઉદય પામે છે . પરિણામે જીવન ચારિત્ર્યવાન પ્રબુધ્ધ બંને છે .

આત્મગુણોનો વિકાસ થતાં થતાં મનુષ્યભવ આગમન થાયછે મનુષ્ય ભવમાં અરિહંત પ્રણીત,ધર્મ પામે તે આચરણમાં ઉતારે તે થકી આત્માના અરિ–શત્રુ રુપ કર્મો નાશ કરતાં અંતે કર્મક્ષય થતાં નિર્વાણ પામી સિધ્ધ,બુધ્ધ,મુક્ત બનાય છે …….


નોંધ:જિનાગ્યા વિરુધ્ધ કંઈ પણ મારાથી આલેખન થયું હોય તો તેનું અંત:કરણપૂર્વક મિચ્છામિ દુક્કડમ્.!

# સવાલ નંબર 6

👉 સવાલ નંબર-6 સવાલની પૂર્વભૂમિકા: જીવનમાં સૌથી વધારે કંઈ પણ કિંમતી હોય તો સદબુદ્ધિ કહેતા સન્મતિ છે અને સદ્ગુણ અને સદાચાર હોય તો જીવનમાં બધું જ છે. તો... સદબુદ્ધિ, સદ્ગુણ અને સદાચાર એ ત્રણેયની સચોટ વ્યાખ્યા કોને કહેવાય?

👉 प्रश्न नंबर-6: प्रश्न की पृष्ठभूमि: अगर जीवन में सबसे मूल्यवान कोई चीज है, तो वह हे सदबुध्धी, यानी कि सन्मति, और अगर सदगुण और सदाचार हे तो जीवन में सबकुछ हे, तो ... सदबुध्धी, सदगुण और सदाचार ये तीनों की सचोट व्याख्या क्या होगी?

**TOP-4-Pravina Shah (63) Mumbai Maharashtra**


સવાલ ૬
સદ્‌બુદ્ધિ, સદ્‌ગુણ અને સદાચાર ત્રણેની સચોટ વ્યાખ્યા કોને કહેવાય?
જવાબ-૬
જૈન ધર્મની આસ્થા, સાચા ખોટાની સમજ, સમ્યક્ત્વની સમજ, સ્થાન, સહયોગ, સ્વ પર નિયંત્રણ, સ્વભાવમાં સ્વીકૃતિ આજ... આજ....
સદ્‌બુદ્ધિ, સદ્‌ગુણનો વિકાસ, મન, વચન, કાયાની શુદ્ધી થી આચારનો આચાર તે સદાચાર.
મળશે gift પરમગતિ ......
સદ્‌ગુણ વગર પતન નક્કી..
ભવિ જીવો ભવાંતરથી વૃદ્ધિ પોતાના પરના કલ્યાણ માટે
સદ્‌બુદ્ધિ, સદ્‌ગુણ, સદાચારને કાળ, ક્ષેત્ર, ભાવ, ગતિ(જીવ) માં અચળ રહી વર્તન, વ્યવહાર ઉત્તરોઉત્તર વૃદ્ધિ કરે છે.
મરુદેવા માતા વનસ્પતિ ગતિમાં સમતા
કુમારપાળ રાજા દુર્ગતિમાં સદાચાર યાદ આવે
યોગ, પ્રયોગ, પીડા, પ્રેમ, પ્રસન્નતાથી પરમગતિની સીડી છે.

Pravina Shah (M) 9819519110
D-1/3 Dwarkesh Park,
Ground Floor Behind H.D.F.C.
Saibaba Nagar, Borivali (W)
Mumbai - 400092.

**TOP-5-Kanaklata Mehta (76) Mumbai**

"સદબુદ્ધિ સદગુણ સદાચરણ"


શુભ વિચાર શક્તિ, સારાસારના વિવેકપૂર્વક ની બુદ્ધિ, હેય, ઉપાદેય, જ્ઞેયની સમજ એટલે સદબુદ્ધિ. સર્વનું શુભ કરનાર સંમતિ પારસમણી છે, જે મળેલ સંપત્તિ, સંજોગો, સત્તા રૂપ શક્તિ બધાને શુભમા લગાડી મૂલ્યવાન બનાવે, પુણ્યાનુબંધી પુણ્ય પેદા કરે, ભવપરંપરા સુધારે.સદબુદ્ધિ શુભ ચાલક બળ છે.
સ્વ-પર બંનેની હિતકારી, વ્યક્તિની શુભ યોગ્યતા તે સદગુણ. પરોપકાર, ક્ષમા, ઋજુતા, દયા, ઉદારતા, વિનય, ધર્મરુચિ, સત્સંગ તત્પરતા વગેરે સદગુણો સુગંધી ફૂલો જેવા છે. જૈન ધર્મ ગુણપ્રધાન છે. નવકાર મંત્ર માં વ્યક્તિને નહીં ગુણોને - ગુણવાનોને નમસ્કાર છે. સદ્ગગુણ આંતરિક સૌંદર્ય છે.
સદાચરણ એટલે મહાપુરુષોએ બતાવ્યા
પ્રમાણેનું, માનવભવઉચિત આચરણ.ન્યાય નીતિ પૂર્વકનું જીવન, વ્યસન અને વ્યભિચાર ત્યાગ, ધર્મયુક્ત વ્યવહાર વગેરે સદાચરણથી ઘરમાં, સમાજમાં સંતુલન જળવાય. સદાચરણ વ્યક્તિત્વનું દર્પણછે..

# સવાલ નંબર 6

👉 સવાલ નંબર-6 સવાલની પૂર્વભૂમિકા: જીવનમાં સૌથી વધારે કંઈ પણ કિંમતી હોય તો સદબુદ્ધિ કહેતા સન્મતિ છે અને સદ્ગુણ અને સદાચાર હોય તો જીવનમાં બધું જ છે. તો... સદબુદ્ધિ, સદ્ગુણ અને સદાચાર એ ત્રણેયની સચોટ વ્યાખ્યા કોને કહેવાય?

**👉 प्रश्न नंबर-6: प्रश्न की पृष्ठभूमि: अगर जीवन में सबसे मूल्यवान कोई चीज है, तो वह हे सदबुध्धी, यानी कि सन्मति, और अगर सदगुण और सदाचार हे तो जीवन में सबकुछ हे, तो ... सदबुध्धी, सदगुण और सदाचार ये तीनों की सचोट व्याख्या क्या होगी?**

## TOP-6-Asha L Shah



આશા એલ શાહ   અમૃતા-વાસણ ...

પ્ર-6 સદ્બુદ્ધિ સદ્ગુણ અને સદાચાર એ ત્રણેયની સચોટ વ્યાખ્યા કોને કહેવાય ?

સદ્બુદ્ધિ એટલે સારી બુદ્ધિ, સમજદારી, વિવેકબુદ્ધિ, સંવેદનશીલતા, સમજશક્તિ, શાણપણ. સદ્વિચાર એટલે સારો આચાર-વિચાર, સારી પ્રવૃત્તિ, સારા આચાર-વિચારને સદાચારમાં ગણવો જોઈએ. સદાચાર વિનાના કેવળ સારા વિચારોથી કંઈ પણ સર્જન થતું નથી. આચાર અને વિચાર વચ્ચે સુમેળ રહેવી રાખવા સદા પ્રયત્નશીલ રહેવું જોઈએ. સારો આચાર વિચાર સારી ભાવનાથી બુદ્ધિ એ જીવનમાં 'ચિરાગ' સમાન છે. વિચારરૂપી બી ઉત્તમ હોય તો પણ તેને વાવ્યા કે ઉછેર્યા વગર કશું નિષ્પન્ન થવાનું નથી. ઉત્તમ વિચાર કે ઉન્નત ભાવના એ ઉત્તમ બી જેવા છે. ઉત્તમ આચાર અને ઉત્તમ વિચાર બંનેનો 'યથાર્થ-સમન્વય' આદર્શ જીવનમાં જ પરિણમે છે. સદ્ગુણ એટલે સારા ગુણ. કૃતજ્ઞતા, પરોપકાર આદિ સદ્ગુણોની પ્રાપ્તિ ગુણીજનોના બહુમાનથી થાય છે.

## TOP-7-Purvi Shah (43) Mooresville Nc

સદબુદ્ધિ, સદ્ગુણ અને સદાચાર અપેક્ષાભેદ અને સૂક્ષ્મ ભેદથી વિચારીએ તો ત્રણેય સમાનાર્થી છે. વ્યવહારથી કે સામાન્યથી વિચારીએ તો તેનો તેનો અર્થ છૂટો પાડીએ તો અલગ થાય છે

સદબુદ્ધિ: એટલે કે સારી બુદ્ધિ કોઈકના માં પ્રગટ થયેલી હોય કે અથવાબીજાને સારી બુદ્ધિ આપવી એ પણ સદબુદ્ધિ કહેવાય છે. જેમકે મયણાસુંદરી અને શ્રીપાલ રાજા, અભય કુમાર અને કાલ સાૈરિક કસાયનું દ્રષ્ટાંત આપણે લઈ શકીએ છીએ.

સદગુણ:એટલે કે આત્માના વિકાસ માટે હોય તે, અથવા સારા ગુણો હોય તેને સદગુણ કહેવાય બીજા ના સારાગુણો જોવા સારા ગુણો ગાવા જેમકે આપણે પ્રભુને પ્રાર્થના કરીએ છીએ સ્તુતિ અને સ્તવના ગાઈએ છીએ. એમાં પ્રભુના ગુણો દર્શાવ્યા છે અને તે આપણામાં આવે તે માટે આપણે તેને ગાઈએ છીએ.

સદાચાર: એટલે સારું આચરણ જે વસ્તુ ક્રિયામાં પ્રવૃત્ત થાય ક્રિયા કરીએ તો તે આચાર સ્વરૂપ બની જાય છે અને તેને સદાચાર કહેવાય છે. ધર્મની ક્રિયા કરવી અને તેનને જીવન માં આચરવુ એને સદાચાર કહેવાય. સારા આચરણ કરવાથી કર્મનિર્જરા કરાવે છે ચારિત્ર વિષે વિચાર આવે છે સંસાર છોડવાનો વિચાર ભાવ જાગે છે. એવી આરાધના એવું આચરણ કરીએ કે આજ ભવે મોક્ષ તરી જઇએ તેને સદાચાર કહેવાય.

# સવાલ નંબર 6

👉 સવાલ નંબર-6 સવાલની પૂર્વભૂમિકા: જીવનમાં સૌથી વધારે કંઈ પણ કિંમતી હોય તો સદબુદ્ધિ કહેતા સન્મતિ છે અને સદ્ગુણ અને સદાચાર હોય તો જીવનમાં બધું જ છે. તો… સદબુદ્ધિ, સદ્ગુણ અને સદાચાર એ ત્રણેયની સચોટ વ્યાખ્યા કોને કહેવાય?

👉 **प्रश्न नंबर-6: प्रश्न की पृष्ठभूमि: अगर जीवन में सबसे मूल्यवान कोई चीज है, तो वह हे सदबुध्धी, यानी कि सन्मति, और अगर सदगुण और सदाचार हे तो जीवन में सबकुछ हे, तो … सदबुध्धी, सदगुण और सदाचार ये तीनों की सचोट व्याख्या क्या होगी?**

## TOP-8-Bharti Kalpesh Gala

PAGE NO:
DATE: / /

સદ્બુદ્ધિ, સદ્ગુણ, સદાચાર - —

સદ્બુદ્ધિ - જે સુખ અને દુઃખ ને સાચવીની સમભાવ માં રહે અને દરેક સમયે સત્કાર્ય કરીને સુકર્મ ઉપાર્જન કરે અને દુઃખ માં સમભાવ રાખીને કર્મ નિર્જરા કરે તે સદ્બુદ્ધિ

સદ્ગુણ - દરેક વ્યક્તિ ના સારા કે ખરાબ ગુણ જોઈને કંઈક પોતાના જીવનમાં પરિવર્તન કરે જે કઠિનાઈમાં દરેક કાર્ય પૂર્ણ કરી શકે જે કોઈ પણ આપત્તિને પણ સહજતાથી સ્વીકારીને તેને મંગળ બનાવી તેને શુભ કાર્યમાં પરિવર્તન કરે તો સદ્ગુણ

સદાચાર - જેનું આચરણ હંમેશા બીજાને કંઈક પ્રેરણા આપે. જે સાદી હોય પણ સામાન્ય વર્તન હોય સાદગીથી પરિપૂર્ણ હોય અને સત્કાર્યો જેની ઓળખાણ હોય અને પરોપકાર મય જેનું જીવન હોય અને ધર્મ પ્રેમી હોય.

ભારતી કલ્પેશ ગાલા
9833772827

CS Scanned with CamScanner

## TOP-9-Jayshree K Sutaria

DATE / / PAGE NO


મારા અનાદિકાળના સંસારના રખડપટ્ટીનું જો મૂળ શોધવામાં આવે તો તે એક જ આવે અનંત ચતુષ્ટની અપ્રાપ્તિ. અભયકુમાર જેવી સન્મતિ જેઓ… પરમાત્માને પૂછ્યુ કે છેલ્લા રાજર્ષિ કોણ? દીક્ષા નહિ લઉં તો કેડાઈ … માટે પિતાને જ્ઞાનથી બુદ્ધિ વાપરી દીક્ષા લઈ લીધી તરી ગયા. મારા આ… મોહ રાગ દ્વેષથી રંગાયેલ એ માત્ર મોક્ષમાં જ સંભવે છે આને કહેવાય સન્મ… જિનશાસન ગુણોનો પૂજારી છે વ્યક્તિનો નહિ. નિર્મળ આત્માના ગુણની મૂડી… અનંત ચતુષ્ટય એટલે જ અનંત જ્ઞાન અનંત દર્શન અનંત ચારિત્ર અનંત વીર્ય આ સદ્ગુણોની મારી મૂડી મોહરાજાએ ચોરી છે કર્મ શત્રુથી મુક્ત થવાનું સદ… આચરણ કરું કર્મના આવરણ હટાવવા નો પુરુષાર્થ કરું તે આચરણ. વિભાવ દશામાંથી નીકળીને સ્વભાવ દશામાં આત્માના અનંત ગુણોમાં રહેવાની.. સ્થિર થવાની એમાં જ લયલીન બનવાની જિજ્ઞાસા જાગૃત થઈ છે.

# સવાલ નંબર 6

👉 સવાલ નંબર-6 સવાલની પૂર્વભૂમિકા: જીવનમાં સૌથી વધારે કંઈ પણ કિંમતી હોય તો સદબુદ્ધિ કહેતા સન્મતિ છે અને સદ્ગુણ અને સદાચાર હોય તો જીવનમાં બધું જ છે. તો… સદબુદ્ધિ, સદ્ગુણ અને સદાચાર એ ત્રણેયની સચોટ વ્યાખ્યા કોને કહેવાય?

**👉 प्रश्न नंबर-6: प्रश्न की पृष्ठभूमि: अगर जीवन में सबसे मूल्यवान कोई चीज है, तो वह हे सदबुध्धी, यानी कि सन्मति, और अगर सदगुण और सदाचार हे तो जीवन में सबकुछ हे, तो ... सदबुध्धी, सदगुण और सदाचार ये तीनों की सचोट व्याख्या क्या होगी?**

## TOP-10-Tejal Shah



Tejal Shah શ્રી સુપાર્શ્વનાથાય નમઃ cell: 9920118178

સરસ્વતી સાધક: ફુલચંદ સુરીશ્વરજી મ.સા.ના ચરણોમાં કોટીવંદન

6] સદ્બુધ્ધિ, સદ્ગુણ અને સદાચાર એ ત્રણેયની સચોટ વ્યાખ્યા કોને કહેવાય.


A] સદ્બુધ્ધિ, સદ્ગુણ અને સદાચાર આ ત્રણેય ની ત્રિપુટી આ ભવ અને ભવોભવને સુધારનાર અને સદ્ગતિ ને પ્રાપ્ત કરાવનાર જાદુઈ છડી છે. મારું માનવું છે કે આ જાદુઈ છડી માત્ર ને માત્ર જિનવાણી સાંભળવાથી જ મળે છે. કારણકે આ ત્રણેય નું જ્ઞાન અને તેની સાથે જોડાયેલા ઉદાહરણો આપીને જિનવાણી સાંભળનાર જીવોના જીવનમાં [illegible] ઉતરી જાય છે.

સદ્બુધ્ધિ:- દરેક મનુષ્યને બુધ્ધિ તો મળેલી જ છે પરંતુ દરેક મનુષ્યે આ બુધ્ધિનો ઉપયોગ સમજણ પૂર્વક કે સમતા ભાવ સાથે નહી પરંતુ પરિસ્થિતી અનુસાર કરવા લાગ્યો છે. સાધારણ પરિસ્થિતી માં અને માન, સન્માન ઇન્સાનીયત અને લાગણીથી જીવનારો માણસ પુણ્યના ઉદયથી ધન, પ્રતિષ્ઠા અને સંપત્તિ મળતા જ તેમાં આંધળો બનીને દિલથી જીવનારો માણસ બુધ્ધિથી જીવતો થઈ જાય છે. અહંકાર, લાલચ અને પ્રતિષ્ઠા ના લોભે અસંગતતા અને ભોગવિલાસ માં લીન બનીને જીવનના અંતે દુઃખ અને દુર્ગતિ ને નોતરે છે. પરંતુ સદ્બુધ્ધિ થી જીવનારા માણસના જીવનમાં બધુ જ કિંમતી હોવા છતા પણ તેના ચક્રવ્યૂહ માં ફસાતો નથી અને અંતે સુખ અને સદ્ગતિ ને નોતરે છે. સદ્બુધ્ધિ તે જીવનનો પાયો છે અને સદ્ગુણ અને સદાચાર તેના આધાર પર બનાવેલું મકાન છે.

સદ્ગુણ:- કહેવાય છે ને કે માણસ અમીરી કે ગરીબીથી નહીં પરંતુ પોતાના સદ્ગુણ થી ઓળખાય છે. સદ્ગુણી વ્યક્તિ જીવનની ગમે તે પરિસ્થિતી માં જીવી શકે છે. તે ક્યારેય હારતો નથી. સદ્ગુણી વ્યક્તિ પોતાના પર વારંવાર ફરતા મનને હાવી થવા દેતો નથી તેથી તે જીવનની પ્રત્યેક પળને જીવી અને જીતી જાય છે સદ્બુધ્ધિ થી જ સદ્ગુણ કેળવાય છે.

સદાચાર:- જેના જીવનમાં સદ્બુધ્ધિ અને સદ્ગુણ હોય તો સદાચાર તો હોવાનો જ કારણે સદ્બુધ્ધિ અને સદ્ગુણને કારણે સદાચાર તો પોતાની મેળે જ કેળવાય જાય છે. આ ત્રણેયની ત્રિપુટી જેનામાં હોય તે આપણા ગુરુભગવંતો જે ગમે તેવી પરિસ્થિતી આવે ક્યારેય ડગમગતા નથી અડગ જ રહે છે અને આ ગુરુભગવંતો ની છબીને દિલમાં ઉતારી અને તેમને નિહાળીને જીવનારો માણસ ક્યારેય પણ જીવનમાં નાકામિયાબ થતો નથી.

## TOP-11-Bharti Bharat Lodaya



"सद्बुद्धि, सद्गुण और सदाचार की सचोट व्याख्या"

सद् यानि सच्चा और अच्छा, 'सत' से सत्य का बोध होता है। यह शब्द किसी के भी आगे लगाये वह सच्चे और अच्छे को ही परिभाषित करता है।

जो बुद्धि छल-कपट, चालाकी व धुर्तता आदि दोषो से रहित हो तथा सरलता, विवेक, पापभीरु, अक्रूर, दीर्घदर्शी तथा आत्मा के हित-अहित की ज्ञाता हो वह सद्बुद्धि की श्रेणी में आती है। सद्गुण यानि परोपकार, दया, क्षमा, विनय, शांत, गुणानुराग, धर्मीजनो के प्रति अहोभाव, सेवाभावना इत्यादि गुण इसके अन्तर्गत आते है।

सद् + आचार यानि सदाचार। ऐसा आचरण कि जिससे मन, वचन व काया से किसी का अहित न हो, किसी को दुःख न पहुँचे... धर्म सिर्फ क्रियाओ में ही नहीं वास्तविकता मे आचरण में उतरे वही सदाचार है। सद्बुद्धि, सद्गुण एवं सदाचार... तीनों के मिलन से आत्मा का विकास होता है, उर्ध्वीकरण होता है स्वयं को ~~जीवन~~ इहलोक - परलोक में सद्गति प्राप्त होती है जो क्रमशः आगे बढ़ते हुए सिद्धगति तक पहुँचा सकता है।


सौ. भारती भरत लोडाया
जलगाँव
9420388533

# સવાલ નંબર 6

👉 સવાલ નંબર-6 સવાલની પૂર્વભૂમિકા: જીવનમાં સૌથી વધારે કંઈ પણ કિંમતી હોય તો સદબુદ્ધિ કહેતા સન્મતિ છે અને સદ્‌ગુણ અને સદાચાર હોય તો જીવનમાં બધું જ છે. તો… સદબુદ્ધિ, સદ્‌ગુણ અને સદાચાર એ ત્રણેયની સચોટ વ્યાખ્યા કોને કહેવાય?

👉 प्रश्न नंबर-6: प्रश्न की पृष्ठभूमि: अगर जीवन में सबसे मूल्यवान कोई चीज है, तो वह हे सदबुध्धी, यानी कि सन्मति, और अगर सदगुण और सदाचार हे तो जीवन में सबकुछ हे, तो … सदबुध्धी, सदगुण और सदाचार ये तीनों की सचोट व्याख्या क्या होगी?

TOP-12-Sangita Ketan Shah


" સદ્‌બુદ્ધિ જે સત્‌ની જ પ્રેરણા કરે
સદ્‌ગુણ જે સત્‌ માટે પ્રયત્નશીલ રહે
સદાચાર જે સત્‌નું પાલન કરે.."

સંગીતા કેતનભાઈ શાહ.
મો. ૧૪૨૦૭૨૮૦૧૧.

સવાલ- ૬ નો જવાબ